# ઊંઝામાં કારના શો રૂમમાંથી જુગારધામ પકડાયુ : ચારની ધરપકડ

ઊંઝા, તા. ૧૨

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ ભૂમિ ઓટો સુઝુકીના શો રૂમમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડી ચાર ઈસમોને ઝડપી લઈ રૂપિયા એક લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ ભૂમિ ઓટો સુઝુકીના શો રૂમમાં તીનપત્તીનો જુગાર રમાય છે તેવી મળેલ બાતમીના આધારે સ્થાનિક પો.ઈ. પરમારે સ્ટાફ સાથે સાંજના સમયે દરોડો પાડ્યો હતો. આ સમયે શો રૂમના મેનેજર બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાયદા માટે પૈસા પત્તાપાનાથી હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રમાડતા હોવાનું જણાતા સ્થળ પરથી પટેલ કુંદનકુમાર ચંદ્રકાન્ત સૉ રૂમ મેનેજર રહે. ઊંઝા, રાજપૂત સુરેન્દ્રસિંહ કેશાજી રહે. સૂણક, તા. ઊંઝા, પટેલ દિનેશકુમાર અમરતલાલ રહે. કામલી તા. ઊંઝા અને પરમાર વસંતભાઈ સદાભાઈ રહે. કહોડા તા. ઊંઝાવાળાને પકડી પાડી રોકડ રકમ રૂ. ૨૭૪૩૦, દાવ પરની રકમ રૂ. ૨૧૧૦, છ મોબાઈલફોન, ત્રણ મોટરસાયકલો, ગંજીપાના વગેરે મળી કુલ રૂપિયા ૧,૦૩,૦૪૦નો મુદ્દામાલ કબજે કરી જુગાર અટકાયતી ધારાની કલમ ૪, ૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જ્યારે ઊંઝા નજીકના ઉનાવા ગામે મીરાંદાતારની દરગાહ આગળ જાહેરમાં વરલી મટકાના આંક ફરકનો જુગાર રમતા રમાડતા પઠાણ અમાનખાન અહેમદખાન રહે. ઉનાવાને ગાંધીનગરની આરઆરસેલે પકડી પાડી તેની પાસેથી ૪૮૨૦ રૂપિયાની રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય કબજે કર્યું હતું.

આ ઉપરાંત ઉનાવા પોલીસે ઉનાવા આથમણાવાસ નજીક જાહેરમાં વરલી મટકાના આંકડા લખતા ઠાકોર રૂપસંગજી ગાંડાજીને ઝડપી લઈ તેની પાસેથી રૂપિયા ૫૪૮૦ની રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય કબજે કરી જુગાર અટકાયતી ધારા મુજબ કાર્યવાહી કરી હતી.



સત્તા પર તરાપ..!! : મહેસાણામાં આજે સરપંચ સંગઠને સરકાર તરફથી ગ્રામ પંચાયતના સરપંચોની સત્તાઓ આંચકી લેવાના નિર્ણયનો વિરોધ તેમજ પડતર માંગણીઓ ન સંતોષાતા માટે આવેદનપત્ર આપ્યું છે. મહેસાણા તાલુકા સરપંચ એસોસીએશનના પ્રમુખ આશાબેન પટેલ (પાલાવાસણા) તેમજ મહામંત્રી રોહિતભાઈ પટેલ (હિંગળાજપુરા)ની આગેવાનીમાં મોટી સંખ્યામાં સરપંચો એકત્રિત થયા હતા. પંચાયતી રાજ બચાવવા સરપંચો પાસેથી છિનવાયેલ સત્તાના નિર્ણય પરત લેવા તેમજ ૧૯ જેટલી પડતર માંગણીઓનું સત્વરે ઉકેલ લાવવાના હેતુસર તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતુ. ઉલ્લેખનીય છે કે, આ પ્રસંગે ભાજપ સર્મપિત સરપંચો પણ સરકાર સામે વિરોધ દર્શાવવા જોડાયા હતા.

## ગાંધીનગર વિશ્વકર્મા સેવા સમાજના હોદ્દેદારોની વરણી

વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરની યોજાયેલ સાધારણ સભામાં પ્રમુખ બાબુલાલ સુથારની વરણી થઈ હતી. ઉપપ્રમુખ ભરતભાઈ ગજ્જર, મંત્રી



રસિકભાઈ ગજ્જર, ખજાનચી બીપીનભાઈ ગજ્જર, સહમંત્રી દીલીપભાઈ સુથાર, સંગઠન મંત્રી તરીકે મિતેશભાઈ ગજ્જર, ઓડીટર તરીકે હર્ષદભાઈ ગજ્જર તથા કારોબારી સભ્ય તરીકે વિપુલભાઈ ગજ્જર, મુકેશભાઈ ગજ્જર, પ્રજ્ઞેશભાઈ સુથાર તેમજ હાર્દિકભાઈ ગજ્જરની વરણી કરવામાં આવી હતી.



## મહેસાણા ભાજપ દ્વારા મોઢેરા ચાર રસ્તા ખાતે ધરણા

કોંગ્રેસ દ્વારા સંસદની કાર્યવાહી ખોરવવા બદલ મહેસાણા ભાજપ દ્વારા મોઢેરા ચાર રસ્તા ખાતે ધરણાનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં સ્થાનિક ચુંટાયેલી પાંખ સહિત પૂર્વ ધારાસભ્ય સહિતના હોદ્દેદારોએ પ્રતિક ઉપવાસ કર્યા હતા. જેમાં નીતિન પટેલ ડેપ્યુટી સિએમએ કોંગ્રેશ પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ દ્વારા સંસદની કાર્યવાહી ખોરવવા બદલ આજે મહેસાણામાં ભાજપ દ્વારા સાંસદ જયશ્રીબેન પટેલની અધ્યક્ષતામાં પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ યોજવા માં આવ્યો હતો. સંસદના બીજા તબક્કાના બજેટ સત્રના તમામ દિવસની કાર્યવાહી કોંગ્રેસ દ્વારા ખોરવવા બદલ દેશહિત વિરોધી નીતિનો પ્રતિકાર આ પ્રશંગે કરવામાં આવ્યો હતો. મોઢેરા ચાર રસ્તા પાસે મહેસાણા જિલ્લાના પૂર્વ અને વર્તમાન ધારાસભ્યઓ શહેર-તાલુકા-જીલ્લાના કાર્યકરો પૂર્વ વર્તમાન હોદ્દેદારો હાજર રહ્યા હતા. જેમાં ડેપ્યુટી સીએમ નીતિન પટેલે કોંગ્રેસને આડા હાથે લીધી હતી અને કહ્યું હતું કે તે ભારતની જનતાનું હીત જોતી નથી. ત્યારે મીની કટોકટી હવે સંસાદમાં કરતા આજે વિકાસ જનતાનો અટક્યો છે તેમ કહ્યું હતું. સાથે પ્રજામત લેવા અને લોકોને જાગૃત કરવા આ પ્રયાસ પ્રતિક ઉપવાસ સ્વરૂપે મહેસાણામાં ભાજપ દ્વારા કરવામાં આવ્યો છે.

# મોડાસામાં અરવલ્લી જિલ્લાના ભાજપના કાર્યકર્તાઓના ધરણા

મોડાસા, તા. ૧૨

સંસદની કાર્યવાહી રોકી લોકતંત્રનું હનન કરનાર કોંગ્રેસ વિરુદ્ધ દેશભરમાં આજે એક દિવસીય ધરણાં યોજવાના ભાજપના કાર્યક્રમના ભગરૂપે આજે મોડાસામાં પણ અરવલ્લી જિલ્લાના ભાજપના




કાર્યકર્તાઓએ મોડાસા ચાર રસ્તા ખાતે ધરણા યોજીને વિરોધ વ્યક્ત કર્યો હતો.

જેમાં પૂર્વ સાંસદ અને પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ જયસિંહ ચૌહાણ, પૂર્વ ગૃહ મંત્રી ગોરધનભાઈ ઝડફિયા, ભાજપ જિલ્લા પ્રભારી હર્ષદગિરી ગોસ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી વગેરે પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સવારના ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી ભિલોડા, બાયડ અને મોડાસા વિધાનસભા ક્ષેત્રના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગોરધનભાઈ ઝડફિયાએ આ પ્રસંગે સાંસદની કાર્યવાહીને ઠપ કરનાર અને લોકશાહીનું હનન કરનાર કોંગ્રેસને આડે હાથ લીધી હતી.

તેમણે કોંગ્રેસના કરતુંતો ગણાવીને કોંગ્રેસ દ્વારા સતત સાંસદ ખોરવવાની ઘટનાને વખોડી કાઢી હતી. આજે આ ધરણાના પ્રારંભે લોકશાહીના મંદિર સમાન સંસદની કાર્યવાહી ખોરવનાર કોંગ્રેસના વિરુદ્ધ દેશવ્યાપી ધરણાં યોજવાના ભાગરૂપે મોડાસામાં અરવલ્લી જિલ્લાના કાર્યકર્તાઓ દ્વારા યોજેલ આ ધરણાં કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો, કાર્યકારોનું જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલે સ્વાગત કર્યું હતું. ધરણાંના આ કાર્યકમ દરમિયાન ત્રણેય વિધાનસભા ક્ષેત્રના ૬ તાલુક અને બે શહેરોના કાર્યકર્તાઓ સાથે પ્રદેશ સભ્યો કનુભાઈ, ચંદ્રિકાબેન, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ભરતસિંહ રહેવર, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, ઉપાધ્યક્ષ ભિખાજી ડામોર, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ, ભીખીબેન તેમજ ભીખુસિંહ પરમાર મોડાસા નાગરિક બેંક ચેરમેન કમલેશભાઈ પટેલ સહિતના જિલ્લાના અગ્રણીઓ પણ જોડાયા હતા.

# પ્રાંતિજ ખાતે શ્રી વલ્લભ પ્રભુજીની શોભાયાત્રા યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા પ્રાંતિજ ખાતે સમાજના ધર્મ પ્રેમી ભાઈ બહેનો સહિત સમાજના આગેવાનો



વૈષ્ણવ ધર્મના ધર્મ ગુરૂ શ્રી વલ્લભાચાર્યજીના જન્મ જયંતિની ઉજવણીને લઈને દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ ખાતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

પ્રાંતિજ દેસાઈની પોળ ખાતે આવેલ શ્રી મદન લાલજી મંદિરેથી મંદિર વ્યવસ્થાપકો તથા વૈષ્ણવ સમાજના લોકો દ્વારા શ્રી વલ્લભ પ્રભુજીની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે દર વર્ષની જેમ શ્રી વલ્લભ પ્રભુજીની પ્રતિમાની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં વૈષ્ણવ સહિત લોકો મોટી સંખ્યામાં શોભાયાત્રામાં જોડાયા હતા. શોભાયાત્રા દેસાઈની પોળ શ્રી મદન લાલજી મંદિરેથી નિકળી પ્રાંતિજ બજારચોક, લાલ દરવાજા, ખોડીયાર કુવા થઈને હનુમાન ચોક ખાતે આવેલ શ્રી ધનશ્યામ લાલજીની હવેલી ખાતે પહોચી હતી. તો શોભાયાત્રામાં વૈષ્ણવ સમાજનાં ભાઈ બહેનો દ્વારા ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી. સમાજના લોકોએ સાથે પ્રસાદ લઈને ધન્યતા અનુભવી.

# ઊંઝામાં જાણીતી હોસ્પિટલમાં બે સોનોગ્રાફી મશીન સીલ કરાયા

ઊંઝા, તા. ૧૨

ઊંઝા ખાતે એક સ્ત્રીરોગ નિષ્ણાત તબીબની ખાનગી હોસ્પિટલમાં જિલ્લા આરોગ્ય અધિકારીએ અચાનક તપાસ કરી ગર્ભના જાતિ પરીક્ષણ મામલે બે સોનોગ્રાફી મશીન અને કેસોનું રેકર્ડ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરાતાં આવા ડૉક્ટરોમાં ફફડાટની લાગણી ફેલાઈ છે.

ઊંઝા શહેરમાં રેલવેના અન્ડરબ્રિજના નાકે શ્રીજી સુપર માર્કેટ પાસે આવેલ સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. અમૃત પટેલની હરસિદ્ધ ગાયનેક હોસ્પિટલમાં ગર્ભના જાતિ પરીક્ષણ મામલે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ટી.કે. સોનીએ સ્ટાફ સાથે અચાનક તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન હોસ્પિટલના બે સોનોગ્રાફી મશીનોની ચકાસણીમા પ્રેગ્નસી ડ્રોપ થયાનું જણાતા આ બંને સોનોગ્રાફી મશીનો તેમજ કેસોનું રેકર્ડ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. શહેરમાં સ્ત્રીરોગ નિષ્ણાત તબીબની હરસિદ્ધ હોસ્પિટલમાં જિલ્લા આરોગ્ય અધિકારીની તપાસ અને સોનોગ્રાફી મશીનો તથા રેકર્ડ કબજે કર્યાની ચર્ચા વાયુવેગે શહેરમાં ફેલાતા શહેરમાં ખાનગી હોસ્પિટલો ધરાવતા સ્ત્રીરોગ નિષ્ણાતોમાં ગભરાટ ફેલાયો હતો.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝાની હરસિદ્ધ ગાયનેક હોસ્પિટલમાં તબીબ દ્વારા ગર્ભની જાતિ પરીક્ષણ કરીને તગડી કમાણી કરવામાં આવી રહી હતી તેવા આક્ષેપો થઈ રહ્યા છે. વધુમાં આ હોસ્પિટલમાં પ્રસુતિને લગતા ઓપરેશનોમાં તગડો ચાર્જ વસુલવામાં આવતો હોવાનું પણ કહેવાય છે. ઊંઝામાં તાલુકા આરોગ્ય અધિકારીની કચેરી હોવા છતાં ખાનગી સ્ત્રીરોગ તબીબોને ત્યાં તપાસ ન થતાં લોકોમાં શંકા કુશંકાઓ જાગી છે.

# ગુજરાતી ફિલ્મ 'ફેરાફેરી હેરાફેરી'ના કલાકાર મનોજ જોશી ફિલ્મના પ્રમોશન માટે વિદ્યાર્થીઓને મળ્યા

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના અડપોદરા ગામના મુળ વતની અને બોલીવુડના અભીનેતા મનોજ જોષી એ ઢોલીવુડને આગળ વધારવા માટે જાણે કે અભીયાન હાથ ધર્યુ છે અને એટલે જ હવે માત્ર પોતાની અભીનીત ગુજરાતી ફીલ્મો માટે જ નહી પરંતુ ગુજરાતી ફીલ્મોના ઢોલીવુડને આગળ વધારવા માટે હવે ગુજરાત પ્રવાસ શરુ કર્યો છે, જેના ભાગરુપે વતન હિંમતનગરમાં ગુરુવારે બેરણા નજીક ગ્રોમોર કેમ્પસમાં આવી પહોચ્યા હતા અને આજનું યુવાધન વિધાર્થીઓને મળ્યા હતા અને પોતાની ફિલ્મ વિષે જાણકારી આપી હતી પ્રોમો બતાવ્યા પછી ફિલ્મના હીરો કુલદીપ ગોર અને મનોજ જોશીએ વિધાર્થીઓ સાથે સેલ્ફી લઈ અને ફિલ્મના ગીત પર ડાન્સ પણ કરી ફીલ્મનુ પ્રમોશન કર્યુ છે.

ગુજરાતી ફીલ્મોનો એક સુવર્ણ કાળ હતો અને તે જાણે કે છેલ્લા કેટલાંક વર્ષો થી અસ્ત થઈ ગયો છે અને ફરી થી ગુજરાતી ફીલ્મ ઈન્ડસ્ટ્રીઝ ઉભી થવાના પ્રયાસમાં છે અને સારી ગુજરાતી ફીલ્મો પણ છેલ્લા કેટલાક સમય થી આવી રહી છે અને જેમાં દર્શકોનો પણ સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે.

## કંપની સમાચાર

### મહેન્દ્રા કેયુવી૧૦૦ નેક્સ્ટનો એડવેન્ચર ડ્રાઈવ

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા દ્વારા નિર્મિત એસયુવીના નવા મોડલ કેયુવી૧૦૦નેક્ષ્ટને વધુ નજીકથી સમજી શકાય તે માટે કંપની દ્વારા 'એન્ડવેન્ચર ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવેલ છે. આ 'એડવેન્ચર ડ્રાઈવ' તારીખ ૧૪ અને ૧૫ એપ્રિલના રોજ બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા, મેમનગર, અમદાવાદ ખાતે યોજાશે. શહેરના જોશીલા લોકો માટે એક ખાસ ચેલેન્જીંગ ટ્રેક બનાવવામાં આવ્યો છે. આ ટ્રેક પર કેયુવી૧૦૦ નેક્ષ્ટને જાતે ચલાવી અજમાવવાનો મોકો મળશે. આ એડવેન્ચર ડ્રાઈવમાં ભાગ લેવા ઈચ્છુક લોકો મહિન્દ્રાના ડિલરનો સંપર્ક કરી શકે છે.



## મુખ્યમંત્રીને રજૂઆત... ● ત્રીજા પાનાનું ચાલુ

કચેરીઓ, નગરપાલિકાઓમાં પડેલ જાહેરાતોમાં આજદિન સુધી ધો-૧૨ ની લાયકાત માંગી છે. વડોદરા વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૮ની જાહેરાત, રાજયની પંચાયતોમાં વર્ષ ૨૦૧૭માં લેવાયેલ પરિક્ષા, અમદાવાદ કોર્પોરેશનની તાજેતરની ભરતીમાં પણ ધો-૧૨ પાસ લાયકાત નિયત કરેલ છે.ત્યારે ૫૦ થી વધુ ઉમેદવારોએ ગાંધીનગર મનપાની એસઆઈની ભરતીમાં અનુભવો અને લાયકાતોમાં ક્ષતિઓ હોઈ તાત્કાલીક અસરથી ભરતી પ્રક્રિયા અટકાવવા માટે રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી છે.

## ત્રણ વર્ષની સજા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્મિતાબેન પંડયા, શૈલેષભાઈ પંડયા, નેહલભાઈ પંડયા, પાયલ શૈલેષભાઈ પંડયા, (તમામ રહે. નવા નરોડા અમદાવાદ પાશ્વનાથ ટાઉનશીપ કૃષ્ણનગર,)એ પરિણિતાને મેણાટોણા મારીને તારા બાપના ઘરેથી દહેજમાં કાઈ આપ્યું નથી તેમ કહીને પાંચ લાખ રૂપીયા લઈ આવવાની માંગણી કરી હતી. પરિણિતાના પતિએ તેણીને માર મારી શારીરીક માનસિક ત્રાસ ગુજાર્યો હતો. આ બનાવ અંગે ગાંધીનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ હતી. આ કેસ ગાંધીનગર ચીફ જ્યુડીશીયલ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે વિમલ કાંટાવાલાએ કોર્ટ સમક્ષ દલીલો કરી હતી. દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ ગાંધીનગર ચીફ જ્યુડીશીયલ કોર્ટના જજ ડી.સી.ત્રિવેદીએ આ કેસના પાંચેય આરોપીઓને પરિણિતાને શારીરીક માનસિક ત્રાસ આપવાના તેમજ દહેજ પ્રતિબંધ ધારા કલમ ૩ અને ૭ મુજબ ત્રણ વર્ષની સખ્ત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત પાંચેય આરોપીઓને રૂ. ૨૫૦૦ દંડ અને દંડ ન ભરે તો વધુ ૧૫ દિવસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે

## સર્ચ ઓપરેશન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહેલાં કચ્છમાં ખેત તલાવડી મંજૂર કરવાના કિસ્સામાં ફરિયાદ દાખલ થઈ હતી તેના અનુસંધાને આ દરોડા કરવામાં આવ્યા છે. નિગમના અધિકારીઓ ખેત તલાવડી તેમજ બીજા કામોમાં સરકાર દ્વારા અપાતી સહાયમાં દસ ટકાથી માંડી ત્રીસ ટકા સુધીનુ કમીશન લેતા હતા.

નિગમના અધિકારી કે.સી. પરમાર પાસેથી રોકડ ૪૦ લાખ રૂ. મળી આવ્યા બાદ તેમના ઘરે તેમજ તેમના સગાસંબંધીને ઘરે પણ દરોડા પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જમીન વિકાસ નિગમમાં દરોડાની કાર્યવાહી મોડી રાત સુધી ચાલુ હતી અને નિગમની કચેરીને પોલીસે કિલ્લેબંધીમાં ફેરવી દીધી છે.

## પરફોમન્સ ગ્રાન્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ગ્રાન્ટની ફાળવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર તાલુકાને અંદાજે ૨ કરોડ તો કલોલ-માણસાને ૧.૫૦ કરોડ અને દહેગામને ૧ કરોડ ૪૨ લાખ જેટલી રકમ મળવા પાત્ર થાય છે.

નવા નાણાંકીય વર્ષના આરંભે જ પરફોમન્સ ગ્રાન્ટની માતબર રકમ પંચાયતોને પ્રાપ્ત થતાં આ વર્ષે વિકાસના કામોને વધુ વેગ મળશે તેમ તંત્રના સૂત્રો માની રહ્યા છે. આ ઉપરાંત નવા નાણાંકીય વર્ષની ગ્રાન્ટની ચુકવણીનું કામ પણ ઝડપથી થશે તેવુ તંત્રના સૂત્રોનું કહેવુ છે. આ માટેની કવાયત રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે હાલ ચાલી રહેલ છે.

## ટેક્સની આવક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે નવી ફોર્મ્યુલાને કારણે બિલો તૈયાર કરવામાં વિલંબ જરૂર થયો છે પણ આ પછી ૧૫ દિવસ જેટલો સમય લોકોને બિલ ભરવા માટે મળી રહેશે. તંત્રએ આ વખતે પણ વેરાની આવકમાં સારી એવી વૃદ્ધિ થશે તેવા અંદાજો રાખ્યા છે. જો કે મોટા ભાગના નાના પ્લોટ ધારકોના વેરાના બિલમાં કોઈ મોટા ફેરફાર નહિ થતા હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યું છે.

## સોફ્ટવેર આવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દોર પણ આરંભાશે. આ બધી જ વિગતો તબીબી અધિકારીને મળશે અને તેની સલાહ મુજબ દર્દીની સારવાર ચાલશે.

જરૂર પડ્યે દર્દીને જો નિષ્ણાત તબીબની સેવાઓ આવશ્યક જણાશે તો તેને તાત્કાલિક રિફર કરવાની કામગીરી પણ ત્યાંથી જ આરંભાશે. ડાયાબીટીસમાં બ્લડસુગર, હાઈપર ટેન્શનના કેસોમાં બી.પી. સહિતની માપણી આ સોફ્ટવેરમાં સમાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એન.સી.ડી.એસ.ના અધિકારીઓની પણ મદદ જિલ્લાતંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે. ઉનાવા પી.એચ.સી. હાલ ૪૫ હજાર જેટલા લોકોની સારવાર માટેનું કેન્દ્ર છે. અહિ સારી ઓ.પી.ડી. પણ નોંધાતી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## અટવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સલામતીની દ્રષ્ટીએ પણ ભયજનક સ્થિતિ સર્જાય છે. ત્યારે આ સ્થિતિને નિવારવા તંત્ર દ્વારા અગાઉ ઘ માર્ગ પર સર્વિસ રોડ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. હાલ આ માર્ગ પર સર્વિસ માર્ગ છે. પરંતુ ઘ -૪ થી પથિકાશ્રમ સુધી સળંગ સર્વિસ રોડનુ નિર્માણ કરવા માટે તંત્ર દ્વારા અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ વર્ષોના અંતે પણ આ દરખાસ્ત અટવાયેલી છે. અલબત્ત ઘ માર્ગ પર ખુટતા સર્વિસ માર્ગનુ કામ હાથ ધરવાનુ જમીનના કબજાના લીધે મુશ્કેલ બન્યુ છે. ઘ માર્ગ પર અનેકવિધ સરકારી કચેરી સ્થાયી છે. જયારે આ માર્ગ પર કોર્ટ સંકુલ તેમજ પથિકાશ્રમ અને એસ ટી ડેપોની જમીન પણ સર્વિસ રોડના આયોજનમાં જરૂરી બને છે. જેથી જમીન ફાળવણીની વાત સ્પષ્ટ ન થાય ત્યાં સુધી સર્વિસ રોડ બનાવાની યોજના આખરી થાય તેમ નથી.

## ખતરામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ન્યાયાધીશોની ખંડપીઠ સરકારને કોલેજિયમની વિલંબિત ભલામણો પર તાત્કાલિક નિર્ણય લેવાનો આદેશ આપી શકે છે. બાદમાં સરકાર જો તેનો અમલ નહીં કરે. તો તેને કોર્ટનો અનાદર માનવામાં આવશે. જસ્ટિસ કુરિયન જોસેફે પોતાના પત્રની નકલ સુપ્રીમ કોર્ટના અન્ય બાવીસ ન્યાયાધીશોને પણ મોકલી છે. મહત્વપૂર્ણ છે કે આ પહેલા ગત ૧૨ જાન્યુઆરીએ જસ્ટિસ કુરિયન જોસેફ સહીતના ચાર વરિષ્ઠત્તમ ન્યાયાધીશોએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને મુખ્ય ન્યાયાધીશની કાર્યશૈલી પર સવાલ ઉઠાવ્યા હતા.

## વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ગાઝિયાબાદમાં પણ હળવો વરસાદ થયો હતો. કેટલાક વિસ્તારોમાં તો ગઈકાલે મોડી રાત્રે વરસાદ શરૂ થયા બાદ સવાર સુધી વરસાદ જારી રહ્યો હતો. વરસાદના કારણે નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. જો કે ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં પ્રચંડ પવન ફુંકતા નુકસાન થયુ હતુ. આગરાથી પ્રાપ્ત હેવાલ મુજબ હવામાનમાં પલટાના કારણે ભલે સામાન્ય લોકોને ગરમીથી રાહત થઈ છે પરંતુ તીવ્ર પવન અને તોફાનના કારણે આગરામાં તાજમહેલને ભારે નુકસાન થયુ છે. દુનિયાના અજાયબીમાં સામેલ તાજ મહેલના દક્ષિણ અને રોયલ ગેટ્સના પથ્થરની મિનારો તુટી ગઈ હતી. ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. જેના કારણે દક્ષિણ ગેટની એક મિનાર અને નાના સફેદ પથ્થરને નુકસાન થયુ હતુ. આ સંબંધમાં હજુ સુધી પુરાતત્વ વિભાગના અધિકારીઓએ કોઈ વાત કરી નથી. મુખ્યપ્રવેશ દરવાજા એ રોજા પર સ્થિત ૧૨ ફુટની મિનાર પણ જોરદાર પવનના કારણે તુટી ગઈ હતી. તોફાનના કારણે આગરામાં અન્યત્ર પણ નુકસાન થયુ છે. કેટલીક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઈ ગયા છે અને વીજળીના થાંભળા તુટી પડ્યા છે. હવામાનમાં એકાએક પલટો આવ્યા બાદ વરસાદની શરૂઆત થઈ હતી. રવિવારના દિવસે તાપમાનમાં ફરી એકવાર સામાન્ય કરતા ત્રણ ડિગ્રીનો વધારો થતા લોકો પરેશાન દેખાયા હતા.હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે ઓછા દબાણનુ ચિત્ર સર્જાઈ રહ્યુ છે જેથી પાટનગર દિલ્હીમાં વરસાદ જારી રહી શકે છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી વરસાદની આગાહી પહેલા જ વરસાદની શરૂઆત થઈ હતી. હવામાન વિભાગે લોકોને રાહત આપતા કહ્યુ છે કે ૧૪મં એપ્રિલ સુધી લોકોને વધારે ગરમીનો અનુભવ થશે નહી. વરસાદ પણ થઈ શકે છે. અત્રે નોંધનીય છે કે હાલમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. હાલમાં દિવસ કરતા રાતની ગરમી લોકોને વધારે હેરાન કરી રહી છે. લઘુતમ તાપમાને આઠ વર્ષનો રેકોર્ડ તોડી દીધો છે. હાલમાં લઘુતમ તાપમાન પણ વધી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે ગુજરાતના કેટલાક ભાગોમાં પણ ગઈકાલે વરસાદ થયો હતો. કમૌસમી વરસાદના કારણે લોકો આશ્ચર્યચકિત થયા હતા. આના કારણે પાકને નુકસાન થવાની શક્યતા છે.

## લોન્ચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખવામાં આવી હતી. પીએસએલવી-સી૪૧ના ટેક્સ્ડબુક પ્રકારના લોંચમાં ચાર તબક્કા રહ્યા હતા. નિર્ધારિત પરિભ્રમણ કક્ષામાં ગોઠવાઈ જવામાં આ સેટેલાઈટને ૧૯ મિનિટ લાગ્યા હતા. નેવિગેશન સેટેલાઈટ આઈઆરએનએસએસ-૧એની જગ્યાએ આને છોડવામાં આવ્યો છે. આઈઆરએનએસએસ-૧આઈનું વજન ૧૪૨૫ કિલોગ્રામ છે અને તેની અવધિ ૧૦ વર્ષની રહેલી છે. નેવિગેશન સેટેલાઈટના ક્ષેત્રમાં ભારતે હાલના વર્ષોમાં ઉલ્લેખનીય સફળતા હાસલ કરી છે. હવે ઈસરો સ્વદેશી ટેકનોલોજી ઉપર આધારિત આઈઆરએનએસએસ-૧આઈને લોંચ કરીને અગાઉની નિષ્ફળતાના રેકોર્ડને દૂર કરીને પોતાની સર્વોપરિતા પૂરવાર કરી છે. આઈઆરએનએસએસ એટલે કે ઈન્ડિયન રિઝનલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ ઈસરો દ્વારા વિકસિત કરવામાં આવેલી એક સિસ્ટમ છે જે સ્વદેશી ટેકનોલોજી ઉપર આધારિત છે. આનો મુખ્ય ઉદ્દેશ્ય દેશ અને તેની સરહદથી ૧૫૦૦ કિલોમીટરના અંતરના હિસ્સામાં તેની ઉપયોગીતાને પૂરવાર કરવાનો છે. આઈઆરએનએસએસ-૧આઈ ઈસરોની નેવી પ્રણાલીના એક હિસ્સા તરીકે રહેશે. સેટેલાઈટ મેપ તૈયાર કરવા, સમય અંગે યોગ્ય માહિતી મેળવવા, નેવિગેશનની પૂર્ણ માહિતી એકત્રિત કરવા, દરિયાઈ નેવિગેશન ઉપરાંત લશ્કરી ક્ષેત્રમાં પણ તે ઉપયોગી સાબિત થશે.

## સરકારની સુચના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગૃહમંત્રાલય તરફથી જારી કરવામાં આવેલી એડવાઈઝરીમાં ભાર આપીને કહેવામાં આવ્યું છે કે, જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિકારીઓને સુરક્ષાની ખાતરી કરવા માટે તમામ જરૂરી પગલા લેવા માટે કહેવામાં આવી શકે છે. સાથે સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા પગલા લેવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટના એસસી અને એસટી સાથે સંબંધિત ચુકાદા સામેના વિરોધમાં બીજી એપ્રિલના દિવસે ભારત બંધ દરમિયાન વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં ૧૩થી પણ વધુ લોકોના મોત થયા હતા. સંપત્તિને વ્યાપક નુકસાન પણ થયું હતું. સંચારબંધી લાગૂ કરવામાં આવી હતી. બીજી એપ્રિલ બાદ સોશિયલ મિડિયા ઉપર અપાયેલા ૧૦મીના બંધને લઈને પણ હિંસા ભડકી ઉઠી હતી જેમાં અનેક જગ્યાઓએ ઝપાઝપી થઈ હતી. અનેક જગ્યાઓએ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને તોડી પાડવાને લઈને તંત્ર દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. બીજી બાજુ દેશમાં દલિત સમુદાયનો વિશ્વાસ જાળવી રાખવાના હેતુસર હવે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને સંઘે ૧૪મી એપ્રિલના દિવસે બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની જયંતિને ભવ્ય રીતે મનાવવા માટેની તૈયારી કરી લીધી છે. આના માટે જુદા જુદા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. સુપ્રીમ કોર્ટના એસસી અને એસટી એક્ટ પર ચુકાદા બાદ નારાજ થયેલા દલિત સમુદાયના લોકોએ ભારત બંધની હાકલ કર્યા બાદ ભાજપ અને સંઘે હવે ડેમેજ કન્ટ્રોલની કવાયત શરૂ કરી દીધી છે.